ભાવનગરમાંથી રૂ.૫૦૦ના દરની બનાવટી ૬૨ નોટ સાથે ૩ ઝડપાયાં

૧.૧૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો

તસવીરઃ વિપુલ હિરાણી

ભાવનગર તા.૧૧

ભાવનગર, એલ.સી.બી. પોલીસ ને બાતમી મળેલ કે નૈતિક ભાવેશભાઇ મોદી તથા જયરાજસિંહ ગોહિલ રહે.બંને નિર્મળનગર, ભાવનગર તથા તૌશીફ રફિકભાઇ પરમાર રહે.નવાપરા, ભાવનગર વાળા તેઓનાં કબ્જાનાં બ્લ્યુ કલરના એકસેસ સ્કુટર રજી.નંબર-**GJ-04-EF 3989** લઇને ભાવનગર,પ્લોટ ગેટ પોલીસ ચોકીની બાજુમાં તથા જાહેર શૌચાલયની વચ્ચે નવા બાંધકામવાળા બિલ્ડીંગની પાછળના ભાગે જાહેર રોડ ઉપર ઉભા રહીને ભારતીય ચલણની બનાવટી નોટોનો વહિવટ કરવા માટે ઉભેલ છે.જે ને આધારે પોલીસે ૩ ને ઝડપી લીધા હતા.

જેમાં નૈતિક ભાવેશભાઇ મોદી ઉ.વ.૧૯ રહે.પ્લોટ નંબર-૧૧૮/એ, શેરી નંબર-૫,ડંકીવાળો ચોક, નિર્મળનગર, ભાવનગર, તૌશીફ રફિકભાઇ જમાલભાઇ પરમાર ઉ.વ.૨૫ રહે.ફલેટ નંબર-૩૦૩,શીફા ફલેટ, કેસરબાઇ મસ્જીદ વાળા ચોકમાં,નવાપરા, ભાવનગર અને જયરાજસિંહ પ્રફુલસિંહ ગોહિલ ઉ.વ.૨૩ રહે.પ્લોટ નંબર-૧૧૩, ભકિત શેરી, નિર્મળનગર, ભાવનગર નો સમાવેશ થાય છે. પોલીસે આ ત્રણ શખ્સો પાસેથી ભારતીય ચલણની રૂ.૫૦૦/-ના દરની બનાવટી નોટ નંગ-૬૨ કિ.રૂ.૦૦/- ભારતીય ચલણની અલગ-અલગ દરની અસલ નોટ નંગ-૦૭ કિ.રૂ.૧,૩૧૦/- અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૪ કિ.રૂ.૩૫,૦૦૦/- ટેબલેટ નંગ-૧ કિ.રૂ.૫,૦૦૦/- બ્લ્યુ કલરનું એકસેસ સ્કુટર રજી.નંબર- GJ-04-EF 3989 કિ.રૂ.૨૫,૦૦૦/- મળી કુલ રૂ.૧,૧૬,૩૧૦/-નો મુદ્દામાલ કબજે વધુ તપાસ હાથ ધરી છે. નકલી નોટ સાથે આરોપીને ઝડપી લેવાની કામગીરીમાં પોલીસ ઇન્સ. કે.એસ.પટેલ, પો.સબ.ઇન્સ. બી.એચ. શીંગરખીયા, પી.બી. જેબલીયા, એમ.જે.કુરેશી, વી.વી.ધ્રાંગુ તથા સ્ટાફના ઘનશ્યામભાઇ ગોહિલ, સાગરભાઇ જોગદિયા,મહેન્દ્રભાઇ ચૌહાણ, વિઠ્ઠલભાઇ બારૈયા, સંજયભાઇ ચુડાસમા, અનિલભાઇ રાઠોડ, જગદેવસિંહ ઝાલા,રાજેન્દ્રભાઇ બરબસીયા, પ્રજ્ઞેશભાઇ પંડયા જોડાયા હતા.

તસવીરઃ પરેશ ફલિયા

કાનાલુસ પાસે ખાનગી લક્ઝરી બસ પલટી જતા ૧૦ને ઈજાઃ ૨ ગંભીર

ખાનગી કંપનીનાં કર્મચારીઓ હતા : દોડી ગયેલી પોલીસ

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા.૧૧

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર કાનાલુસ ગામના પાટીયા પાસે ગત મોડી સાંજે ખાનગી લક્ઝરી બસ પલટી મારી ને રોડથી નીચે ઉતરી ગઈ હતી. જે બસની અંદર બેઠેલા મુસાફરો પૈકીના ૧૦ વ્યક્તિને નાની મોટી ઈજા થઈ છે, અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે, જેમાં બે વ્યક્તિની હાલત ગંભીર ગણાવાઇ રહી છે. આ અકસ્માત બાદ ૧૦૮ ની ટીમ અને પોલીસ તંત્ર દોડતું થયું છે.જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર કાનાલૂસ ગામના પાટીયા પાસે ગઈ સાંજે એક ખાનગી લક્ઝરી બસ કે જે મોટી ખાવડી થી કેટલાક ખાનગી કંપનીના કર્મચારીઓને લઈને જામનગર તરફ આવી રહી હતી, જે બસ અકસ્માતે પલટી મારીને રોડથી નીચે ઉતરી ગઈ હતી.આ અકસ્માતમાં બસની અંદર બેઠેલા મુસાફરોને નાની મોટી ઈજા થઈ હતી, અને ભારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. સૌપ્રથમ ૧૦૮ ની ટીમને જાણ કરાતાં ૧૦૮ ની ટુકડી ઘટના સ્થળે પહોંચી હતી, તેમજ અન્ય ખાનગી કંપનીની એમ્બ્યુલન્સ પણ બનાવના સ્થળે પહોંચી હતી, અને સૌપ્રથમ ૧૦૮ ની ટીમે ચાર ઇજાગ્રસ્તો ને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, જેમાં બે વ્યક્તિની હાલત ગંભીર ગણાવાઇ રહી છે.આ ઉપરાંત અન્ય છ વ્યક્તિને પણ નાની-મોટી ઈજા થઈ હોવાથી ખાનગી કંપનીની એમ્બ્યુલન્સ મારફતે સિક્કા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડાયા છે.આ અકસ્માતના બનાવની જાણ થતાં મેઘપર પોલીસ સ્ટેશન નો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે, સિક્કા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં, અને જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચ્યો હતો.

નાના મુંજાસર નજીક અકસ્માતઃ જૂનાગઢના કોઠારી સ્વામીની ગાડીએ સિંહણને હડફેટે લીધી

વન વિભાગ દ્વારા સિંહણ નું રેસ્ક્યુ કરવામાં આવ્યું

બગસરા તા.૧૧

બગસરા નજીક મોટા ગામ પાસે જૂનાગઢના કોઠારી સ્વામીની ગાડીએ એક સિંહણને લીધી હતી બાદમાં વન વિભાગ દ્વારા સિંહણનું રેસ્ક્યુ કરી તેને બચાવવામાં આવી હતી.

વિગત અનુસાર બગસરા ના સ્વામિનારાયણ મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ માંથી જૂનાગઢ પરત ફરી રહેલા સ્વામિનારાયણ મંદિર જૂનાગઢના કોઠારી સ્વામી એ બગસરા થી સાત કિમી દૂર મોટા મુંજિયા સર ગામ આગળ રસ્તામાં પસાર થઈ રહેલી સિંહણને હડફેટે લીધી હતી. બાદમાં તેઓ ગાડી નં **GJ 11 CL 2124** છોડી અન્ય વાહનમાં ત્યાંથી નીકળી ગયા હતા આ બાબતે વન વિભાગને ખ્યાલ આવતા વન વિભાગ એ ઘાયલ થયેલી સિંહણને શોધી રેસ્ક્યુ કર્યું હતું. હાલ આ સિંહણની વન વિભાગની દેખરેખ હેઠળ સારવાર કરવામાં આવી રહી છે. ત્યારે હાલ ધારી જંગલ ખાતા દ્વારા સાર સંભાળ માટે ધારી ખાતે લઇ ગયેલ છે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં સિંહનો વસવાટ વધી રહ્યો હોય રસ્તા પર પણ આ બાબતે વિગતો લખવામાં આવેલ છે તેમ છતાં વન્ય પ્રાણીઓ પુરપાટ જતી ગાડીઓનો ભોગ બની રહ્યા છે.

મોરબીમાં મૃત બાળકના અંગો મળવાનો સિલસિલો યથાવત

રહસ્યમયી કેસનો ભેદ ઉકેલવા પોલીસની અનેક ટીમો કામે લાગી

(પ્રતિનિધિ દ્વારા) મોરબી,તા.૧૧

ગઈકાલે મોરબીના નજરબાગ રેલવે સ્ટેશન નજીક રેલમાર્ગ પાસે ના રસ્તા પર એક બાળકનો અર્ધ કપાયેલી હાલતમાં કમર થી નીચેનો ભાગ અને નજીકમાં પોટલામાં બાળકના વસ્ત્રો અને શરીર ના આંતરિક અંગો મળી આવતા મોરબી સિટી બી ડિવિઝન પોલીસ ટીમ દોડી ગઈ અને બનાવની વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારે આજે થોડે દૂર થી શ્વનોએ ખાધેલી હાલતમાં બાળકનું માથું મળી આવ્યું છે જેથી આ મામલે અનેક રહસ્યો સર્જાયા છે. તેમજ હજુ પણ શરીર નો વચ્ચેનો ભાગ મળી આવ્યો નથી.

તસવીરઃ અતુલ જોશી

બનાવની મળતી વિગત મુજબ, ગઈકાલે સામાકાંઠે નજરબાગ રેલવે સ્ટેશન પર મોરબી-વાંકાનેર રેલવે લાઈન પરથી ગઈકાલે એક અજાણ્યા બાળકનો કપાયેલા હાલતમાં અડધો મૃતદેહ અને પોટલામાં વસ્ત્રો અને આંતરિક અંગો મળી આવ્યા હતા. જે બનાવની જાણ થતા મોરબી સીટી બી-ડિવિઝન પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારે પોલીસને શરીરનો અડધો હિસ્સો ફોરેન્સિક પીએમ અર્થે ખસેડી બાકીનો હિસ્સો શોધવા પોલીસે શોધખોળ શરૂ કરી હતી .

ઉલ્લેખનીય છે કે, પોલીસને પોટલામાં વીંટાડેલ હાલતમાં બાળકના વસ્ત્ર અને શરીરના આંતરિક અંગો મળી આવ્યા હતા. કમરથી નીચેનો ભાગ અને પોટલામાં આંતરિક અંગો તેમજ માથું ત્રણે થોડા થોડા અંતરે અલગ અલગ જગ્યાએથી મળી આવ્યા હતા. જો કે, હજુ પણ બાળકનો શરીરનો વચ્ચેનો ભાગ મળી આવ્યો નથી. ત્યારે મહત્વની વાત તો એ છે કે, મોરબી જિલ્લાના કોઈ પોલીસ મથકમાં હજુ સુધી કોઈ બાળક ગુમ થયા અંગે નોંધ આવી નથી.ત્યારે પોલીસ ચોપડે કોઈ બાળક ગુમની નોંધ ન હોવાથી પોલીસ પણ અસમંજસમાં મુકાઈ છે.ત્યારે મૃતક બાળકની ઓળખ મેળવવા માટે તેમજ બાળક ક્યાંનો હતો કે કઇ રીતે મોત થયું છે તેવા અનેક રહસ્યો ના ભેદ ઉકેલવા પોલીસની વિવિધ ટીમો કામે લાગી છે.

નામ બદલાવેલ છે

હું જેતલકુમારી ધીરજભાઈ પટેલ, D/o ધીરજભાઈ ગોપાલભાઈ પટેલ, R/o C-403 શ્રી સિટી ટાવર્સ, મુંજકા, રાજકોટ, ભવિષ્યના તમામ હેતુઓ માટે મારૂં નામ બદલીને જેતલ અમર પટેલ W/o અમર બચુભાઈ પટેલ રાખ્યું છે.

પાસપોર્ટ ખોવાયેલ છે

હું નીચે સહી કરનાર હુસૈન જોયબભાઇ ભારમલ જાણ કરૂ છું કે, મારો ઓરીજીનલ પાસપોર્ટ નં. L-7188518 એરપોર્ટ રોડ પાસેથી ખોવાય ગયેલ છે.

હુસૈન જોયબભાઇ ભારમલ
મૈમુન, ૧, પત્રકાર કોલોની, એરપોર્ટ રોડ, રાજકોટ

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

12 મીટર પહોળા એફઓબી કામ પુરૂ પાડવું

ટેન્ડર નોટીસ નં.: DRM/RJT/E-Tender/2023-2024/21 તા. 05.01.2024 ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ) પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. વેબસાઈટની વિગત: www.ireps.gov.in ટેન્ડર નં.: DRM/RJT/EL/2023-2024/21 (i) કામનું નામ: રાજકોટ ડિવિઝનઃ ભક્તિનગર, મોરબી, સુરેન્દ્રનગર, વાંકાનેર, દ્વારકા, થાન સ્ટેશન ખાતે અમૃત ભારત સ્ટેશન યોજનાના સંબંધમાં 12 મીટરે પહોળા એફઓબી કામો પુરા પાડવાના સંબંધમાં લિસ્ટ માટે સંબંધિત કામ. (ii) અંદાજિત પડતર : ₹ 91,98,888/- (iii) અર્નેસ્ટ મનીઃ ₹ 1,84,000/- (v) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: 05.02.2024, 15.00 કલાક સુધી. 146

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

આધાર હાઉસિંગ ફાયનાન્સ લી. Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ.વી. રોડ અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૬૯
અમરેલી શાખાઃ બીજો માળ, સફારી પ્લાઝા, એન્જલ સિનેમા સામે, ભગવતી ચોક, માણેક પરા,અમરેલી–૩૬૫૬૦૧ ગુજ.

પરિશિષ્ટ ૪ કબજાની નોટીસ (સ્થાવર મિલકત માટે)

અહીં નીચે સહી કરનાર સિકયુરાઈટેઝેશન એન્ડ રિકન્સટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એ-ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ આધાર હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ (એએચએફએલ)ના અધિકૃત અધિકારી હોવાથી અને સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ સામે વંચાણે લેતા ઉકત એકટની કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો અમલ કરતા, અહીં નીચે જણાવેલ કરજદાર (રો)/સહ-કરજદાર (રો) જામીનદાર (રો)ને અધિકૃત અધિકારી દ્વારા ડીમાંડ નોટીસ આપવામાં આવી હતી અને આ નોટીસમાં જણાવેલી રકમ કથિત નોટીસની પ્રામિની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવી આપવાની સૂચના આપવામાં આવી હતી. કયરજદાર રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ નોટિસ દ્વારા કરજદાર (રો)/સહ-કરજદાર (રો)/જામીનદાર (રો)ને તથા સામાન્ય જનતાને નોટીસ આપવામાં આવે છે કે સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮ સાથે વંચાણે લેતા કથિત એકટની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ આપવામાં આવેલી સત્તાની રૂએ અહીં નીચે સહી કરનાર અધિકારીએ, નીચે વર્ણન કર્યા મુજબની મિલકતનો કબજો ધારણ કરેલ છે. જામીનકૃત મિલકતને પુનઃપ્રાપ્ત કરવા માટે પ્રાપ્ય સમયના સંદર્ભમાં કથિત એકટની કલમ ૧૩ની પેટાકલમ (૮)ની જોગવાઈઓ પ્રત્યે કરજદારનું ધ્યાન દોરવામાં આવે છે. વિશિષ્ટ રૂપે કરજદારને અને સામાન્ય રીતે જાહેર જનતાને આ મીલકત અંગે કોઈ વ્યવહાર નહીં કરવા આથી સુચના આપવામાં આવે છે અને મિલકત અંગેનો કોઈપણ વ્યવહાર, અહીં નીચે જણાવેલ રકમ અને તેની ઉપરના વ્યા સાથેની રકમ માટે, એએચએફએલના પ્રભારને આધીન રહેશે.

ક્રમ	કરજદારો (રો)/સહ-કરજદાર (રો)/ જામીનદાર (રો)ના નામ (શાખાનું નામ)	સુરક્ષિત મિલકત નું વર્ણન	ડિમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નંબર. ૩૬૬૧૦૦૦૦૨૧૪/ અમરેલી શાખા) મનીષભાઈ પ્રાગજીભાઈ વઘાસીયા (કરજદાર), મંજુબેન પ્રાગજીભાઈ વઘાસીયા (સહ કરજદાર)	મિલકતની દરેક જગ્યા GF બ્લોક નં. ૧૪ વૃંદાવન નગર, ચિતલ રોડ ૧૩૨ પૈકી, ૧૩૩ પૈકી અમરેલી ગુજરાત ૩૬૫૬૦૧, સીમાઓઃ પૂર્વ-રોડ, પશ્ચિમ-બ્લોક નં.૫, ઉત્તર -બ્લોક નં. ૧૫, દક્ષિણ બ્લોક નં. ૧૩	11-10-2023 ₹ 7,94,522/-	09-01-2024
2	(લોન કોડ નંબર. ૩૬૬૧૦૦૦૦૧૧૫/અમરેલી શાખા) સંગીતાબેન રમેશભાઈ મકવાણા (કરજદાર) કિશન રમેશભાઈ મકવાણા (સહ કરજદાર)	મિલકતની દરેક જગ્યા ફ્લેટ નં. ૧૧ ૨, નવકાર એપાર્ટમેન્ટ નવકાર એપાર્ટમેન્ટ, ગુજરાત સોસાયટી, મહુવા પ્લોટ નં.૨૬૯ મહુવા ભાવનગર ગુજરાત ૩૬૪૨૯૦ સીમાઓઃ પૂર્વ – સામાન્ય માર્ગ, પશ્ચિમ-બિલ્ડિંગની ખુલ્લી જગ્યા, ઉત્તર – બિલ્ડિંગ ની ખુલ્લી જગ્યા , દક્ષિણ બ્લોક નંબર ૧૨ની દિવાલ	11-10-2023 ₹ 15,08,894/-	09-01-2024
3	(લોન કોડ નંબર. ૩૬૬૧૦૦૦૦૧૯૦/અમરેલી શાખા) મહાવીર પ્રતાપભાઈ વીછીયા (કરજદાર) ગીતાબેન પ્રતાપભાઈ વીછીયા (સહ કરજદાર)	મિલકતની દરેક જગ્યા GF,FF શિવાજી નગર, માધાવારી,૩૬ પૈકી ઉત્તર બાજુ સાવરકુંડલા, અમરેલી, ગુજરાત ૩૬૪૫૧૫. સીમાઓ પૂર્વ રોડ, પશ્ચિમ ભૂપતભાઈ વાજાનું મકાન, ઉત્તર પ્લોટ નં ૩૫, ભગવાનભાઈ કોળીનું મકાનની જગ્યા, દક્ષિણ મનસુખભાઈ મગનભાઈ નું મકાન	11-10-2023 ₹ 12,16,979/-	09-01-2024
4	(લોન કોડ નંબર ૩૬૬૦૦૦૦૦૦૨૪/ અમરેલી શાખા) ફિરોજભાઈ બરકતભાઈ નાયાણી (કરજદાર) કાજમિનબાનુ ફિરોજઅલી નાયાની (સહ કરજદાર)	મિલકત ની દરેક જગ્યા Sr No ૨૦૩ પૈકી ૧ સિલ્વર પ્લાઝા બ્લોક નંબર ૩૦૧ ત્રીજો માળ સિલ્વર પ્લાઝા વન્ડર પાર્ક બસ સ્ટેશન રોડ, ભાવનગર, ગુજરાત, ૩૬૪૨૯૦. સીમાઓઃ પૂર્વ સામાન્ય માર્ગ,પશ્ચિમ રોડ, ઉત્તર . ૩૦૨, દક્ષિણ બ્લોક નં.૧૧૯	13-09-2023 ₹ 6,79,192/-	09-01-2024

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૧૨/૦૧/૨૦૨૪

અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ

નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ nido HOME FINANCE

(અગાઉ એડલવેઈઝ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું હતું) રજી. ઓફિસઃ પમો માળ, ટાવર ૩, વિંગ બી, કોહિનૂર સિટી મોલ, કોહિનૂર સિટી, કિરોલ રોડ, કુર્લા (W), મુંબઈ–૪૦૦૦૭૦.
રીજીનલ ઓફિસ :૩૦૧–૩૦૪, જો માળ, ૩જી આઇ વિઝન બિલ્ડિંગ, IIM પાંજરાપોળ રોડ, અમદાવાદ – ૩૮૦૦૧૫

ઈ–ઓક્શન – વેધાનિક ૧૫ દિવસની વેચાણ નોટીસ
સિકયોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨

આથી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ હેઠળ ઈ–ઓક્શન દ્વારા વેચાણ. નોટિસ આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર અને જામીનદારને આપવામાં આવે છે જેની વિગતો નીચે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લોન લેણાંની વસૂલાત થાય ત્યાં સુધી પરિશિષ્ટ કોષ્ટકમાં દર્શાવેલ રકમની વસૂલાત માટે જ્યાં છે ત્યાં, જેમ છે તેમ અને જે છે તે પર મિલકત વેચવામાં આવશે. આ મિલકત મેસર્સ નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ પાસે ગીરો છે (અગાઉ એડલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું) કરજદાર (ઓ) સહ કરજદાર(ઓ) અને જામીનદાર (ઓ) દ્વારા લેવામાં આવતી લોન માટે. સુરક્ષિત લેણદાર નીચે દર્શાવેલ સિક્યોર્ડ એસેટનો ભૌતિક કબજો ધરાવે છે.

ક્રમ	કરજદાર, સહ કરજદાર, જામીનદારનું નામ	વસૂલાતની રકમ	અનામત કિંમત અને EMD	હરાજીની તારીખ અને સમય	નિરીક્ષણની તારીખ અને સમય	ભૌતિક કબજો તારીખ
7.	અશ્વિનભાઈ ભીખાભાઈ ચાવડા (કરજદાર) અને નાથીબેન અશ્વિનભાઈ ચાવડા (સહ કરજદાર)	૧૦.૦૧.૨૦૨૪ ના રોજ રૂ. ૨૭,૬૧,૬૩૫.૪૨/- (રૂપિયા સત્તાવીસ લાખ એકસઠ હજાર છસો પાંત્રીસ અને બેતાલીસ પૈસા માત્ર) + તેના પર વધુ વ્યાજ +) લોન નંબર માટે કાનૂની ખર્ચ. લોન નંબરLJNGSTH0000089610	રૂ. ૨૧,૦૭,૦૦૦/- (રૂપિયા એકવીસ લાખ સાત હજાર માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટઃ- રૂ. ૨,૧૦,૭૦૦/- (રૂપિયા બે લાખ દસ હજાર સાતસો માત્ર)	૦૬-૦૨-૨૦૨૪ સવારે ૧૧ થી ૧૨ વાગ્યાની વચ્ચે (૫ મિનિટ અમર્યાદિત ઓટો એક્સટેન્શન સાથે)	૨૨-૦૧-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ દરમિયાન	22-07-2023

સુરક્ષિત મિલકતનું વર્ણનઃ મિલકત ની દરેક જગ્યા રહેણાંક મિલકત પ્લોટ નં. ૪૨ પૈકી પશ્ચિમ સાઈડ ચોરસ મીટર ૬૭–૦૬ ની N.A. જમીન. ૧૩૦/૧ Paiki એકર ૧–૨૪ ગુડા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં ખામધ્રોલ, જૂનાગઢ સીમાઓ – ઉત્તરઃ adj સર્વે નં. જમીન દક્ષિણઃ ૬.૦૦ મીટર રોડ પૂર્વઃ adj પ્લોટ નં. ૪૩ પૈકી પશ્ચિમઃ adj પ્લોટ નં. ૪૨ પૈકી.

ક્રમ						
8.	વિશાલભાઈ. બી. અંબાસણા(કરજદાર) અને જયશ્રીબેન વિશાલભાઈ અંબાસણા (સહ કરજદાર)	રૂ. ૧૪,૨૯,૮૫૯.૧૪/- (રૂપિયા ચૌદ લાખ ઓગણત્રીસ હજાર આઠસો ઓગણસાંઠ અને ચૌદ પૈસા માત્ર) ૧૦.૦૧.૨૦૨૪ ના રોજ + તેના પર વધુ વ્યાજ + કાનૂની ખર્ચ લોન નંબર LRJKSTH00000958	રૂ. ૮,૯૫,૫૦૦/- (રૂપિયા આઠ લાખ પંચાણું હજાર પાંચસો માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટઃ- રૂ. ૮૯,૫૫૦/-રૂપિયા નેવ્યાસી હજાર પાંચસો પચાસ માત્ર)	૦૬-૦૨-૨૦૨૪ સવારે ૧૧થી ૧૨ વાગ્યાની વચ્ચે (૫ મિનિટ અમર્યાદિત ઓટો એક્સટેન્શન સાથે)	૨૨-૦૧-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ દરમિયાન	28-06-2023

સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ મિલકતની દરેક જગ્યા પ્રમુખરાજ પેલેસ ૧ ફ્લેટ નંબર ૪૦૩, ચોથો માળ બિલ્ટઅપ એરિયા ૩૬– ૯૮ ચોરસ મીટર I.E. ૩૯૮ ચોરસ ફૂટ ગામ કોઠારીયા (બીન ખેતી) રેવન્યુ સર્વે નંબર ૧ પૈકી ૧ પ્લોટ નંબર ૬ અને ૭ સબ પ્લોટ નં.૬+૭/૧+૨+૩/૧ ગામ કોઠારીયા રાજકોટ સીમાઓઃ ઉત્તરઃ ફ્લેટ નંબર ૪૦૪ દક્ષિણઃ અન્યમિલકત પૂર્વઃ સામાન્ય માર્ગ, દાદર અને લિફ્ટ પશ્ચિમઃ ખુલ્લી જગ્યા.

નોંધઃ– ૧) હરાજી વેચાણ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net મારફતે ઓનલાઈન હાથ ધરવામાં આવશે અને માન્ય ઈમેલ, આઈડી પ્રૂફ અને ફોટો પ્રૂફ, પાન કાર્ડ ધરાવનાર બિડર્સ જ તેમાં ભાગ લઈ શકશે અને ડિમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસ દ્વારા ઈએમડીની ચૂકવણી પોત્ય રીતે મોકલવામાં આવી હોય તે આ ઓનલાઈન ઈ– ઓક્શનમાં ભાગ લેવા માટે પાત્ર હશે.
૨) ઈચ્છુક બિડરોએ તેમના EMD ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT દ્વારા આના પર મોકલવા પડશેઃ લાભાર્થીનું નામઃ NIDO હોમ ફાઈનાન્સ લિમિટેડ, બેંકઃ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એકાઉન્ટ નંબર ૬૧૨૨૬૮૪૧૧૯૯, સરફેસી– ઓક્શન, એડલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ, IFSC કોડઃ SBIN0001593.
૩) ૭ અને ૮ માટે EMD સાથે ઓનલાઈન અરજી BID ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૦૫.૦૨.૨૦૨૪ છે.
૪) વેચાણના વિગતવાર નિયમો અને શરત માટે, કૃપા કરીને વેબસાઈટની મુલાકાત લો https://sarfaesi.auctiontiger.net અથવા કૃપા કરીને શ્રી મોલિક શ્રીમાલી ફોન +૯૧–૬૩૫૧૮૯૬૬૪૩/૯૧૭૩૫૨૮૭૨૭, હેલ્પ લાઈન ઈ–મેલ આઈડીનો સંપર્ક કરોઃ Support@auctiontiger.net

મોબાઈલ નંબર ૭૨૦૮૯૩૪૪૬૧
તારીખઃ ૧૨.૦૧.૨૦૨૪

સહી/– અધિકૃત અધિકારી
નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ, (અગાઉ એડલવેઈસ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)

ડિમાન્ડ નોટિસ

એડલવેઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
CIN: U67100MH2007PLC174759
રિટેલ સેન્ટ્રલ અને રેજી. ઑફિસઃ એડલવેઈઝ હાઉસ, સીએસટી રોડ, કાલીના, મુંબઈ ૪૦૦૦૯૮

સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ (૧) મુજબ. આથી અહીં સહી કરનાર એ એડલવેઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (EARC) ના અધિકૃત અધિકારી છે જે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ૧૩ (૨) ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨

અહીં અધિનિયમની કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે મુજબ, અધિકૃત અધિકારીએ કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જાહેર કરી છે, જેમાં નીચેના કરજદાર(ઓ)ને સંબંધિતમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે આહ્વાન કર્યું છે. તેમને ડિમાન્ડ નોટિસ જાહેર કરવામાં આવી છે જે નીચે પણ આપવામાં આવી છે. ઉપરોક્ત સંબંધમાં, આ નોટિસના પ્રકાશિતથી ૬૦ દિવસની અંદર, ERCA ને ચૂકવવા માટે ઋણ લેનારાઓને ફરી એક વાર નોટિસ આપવામાં આવે છે, નીચે દર્શાવેલ રકમો, ઉપર જણાવેલ ડિમાન્ડ નોટિસમાં વિગત મુજબ વધુ વ્યાજ સાથે, તારીખથી. ચુકવણીની તારીખ અને પ્રામિની તારીખ સુધી નીચે ઉલ્લેખિત, લોન કરાર હેઠળ ચૂકવવાપાત્ર અન્ય દસ્તાવેજો/લેખન સાથે વાંચવામાં આવે છે, કરજદાર(ઓ) દ્વારા લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની સંપત્તિ અનુક્રમે કરજદાર(ઓ) દ્વારા ERCA પાસે ગીરો રાખવામાં આવી છે.

ક્રમ	કરજદાર/સહ કરજદારનું નામ/ લોન એકાઉન્ટ નંબર	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	ટ્રસ્ટ અને સોંપનારની વિગતો
૧.	૧. દિવ્યેશ પ્રભુદાસ લોઢીયા (કરજદાર) ૨. ભાવનાબેન પ્રભુદાસ લોઢીયા (સહ કરજદાર) LAN:- HL01JDG000007316	28-11-2023 & ₹ 10,80,648.68	EARC ટ્રસ્ટ SC-481 M/s. ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ્સ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ

મિલકતનું વર્ણનઃ સ્થાવર મિલકતની દરેક જગ્યા ફ્લેટ નંબર ૪૦૬ , બિલ્ટ અપ એરિયા ૩૪.૦૦ચો.મી રાધેકૃષ્ણ એપાર્ટમેન્ટ, ૪થો માળ,બ્લોક નંબર ૧૫ સિટી સર્વે નંબર ૫૫૧, ૧૫ સી.એસ. અને ૫૫૧ની જૂનાગઢ મ્યુનસિપલ કોર્પોરેશનની હદમાં વાંઝાવડ જૂનાગઢ સીમાઓ : ઉત્તરઃ અન્યની મિલકત દક્ષિણઃ ફ્લેટનો મુખ્ય દરવાજો અને સામાન્ય પેસેજ પૂર્વઃ Adj. દાદર પેસેજ, સામાન્ય પેસેજ પશ્ચિમઃ Adj. ફ્લેટ નંબર ૪૦૫.

ક્રમ			
૨.	૧. ઘનશ્યામભાઈ મોહનભાઈ મકવાણા (કરજદાર) ૨. આશિષ ઘનશ્યામભાઈ મકવાણા (સહ ક